# વરસાદી વાતાવરણમાં વિઘ્નહર્તાની વાજતે-ગાજતે વિદાય

## શહેરીજનોએ શ્રદ્ધાપૂર્વક આરતી-પૂજન કરી તંત્રએ બનાવેલા કુંડમાં વિસર્જન કર્યું : ભાવિકો ‘‘બાપ્પા’’ના જય જયકાર સાથે ગરબાના તાલે ઝુમ્યાં : લાંબા સમય પછી શહેરમાં ધાર્મિક માહોલ છવાયો

શહેરમાં આજે વરસાદી માહોલમાં વાજતે ગાજતે શહેરીજનોએ શ્રદ્ધાપૂર્વક વિઘ્નહર્તાને વિદાય આપી હતી. શહેરમાં આજે ગણેશોત્સવનું આલ્હાદક વાતાવરણમાં સમાપન થયું હતું અને શ્રદ્ધાળુઓએ મનપા દ્વારા બનાવાયેલા કુંડમાં ગણેશજીનું વિસર્જન કર્યુ હતુ. વિસર્જન સમયે ભાવિકો ભક્તિમાં રસતરબોળ થયાં હતા અને ‘ગણપતિ બાપ્પા મોરીયા’ ના નાદેની તાલે ઝુમવા સાથે ગરબાનો આનંદ માણતા પણ જોવા મળ્યાં હતા. વિસર્જન અગાઉ ગણેશજીની પૂજા-અર્ચના અને આરતી કરવામાં આવી હતી તથા બાપ્પાને આવતા વર્ષે ફરી પધારવા હેતથી નિમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

દિવસભર વારંવાર વરસતા વરસાદમાં ગાંધીનગરમાં આજે ગણપતિ ઉત્સવની પૂર્ણાહુતિ થવા પામી છે. શહેરમાં શ્રદ્ધાળુઓએ પોતાના ઘરે-સોસાયટીમાં સ્થાપિત ગણેશજીને આજે ધામધૂમથી અને લાગણીભર્યા



માહોલમાં વિદાય આપી હતી. શહેરમાં સવારથી બપોર સુધી વિસર્જનયાત્રાઓ જોવા મળી હતી જેમાં ઢોલ-નગારાં સાથે ભાવિકો હર્ષથી નાચતા-કૂદતાં હતા અને ગણપતિ બાપ્પાની જય બોલાવતા હતા. વિસર્જન યાત્રામાં તંત્ર દ્વારા મર્યાદિત સંખ્યાનું નિમંત્રણ લાદવામાં આવ્યુ હતુ જેને શહેરીજનોએ ધ્યાનમાં રાખીને મર્યાદિત સંખ્યામાં વિસર્જન યાત્રાઓ યોજી હતી. વિસર્જન પૂર્વે કુંડ પાસે ગજાનનની છેલ્લી આરતી ઉતારી ભાવિકો ગરબે રમતાં પણ જોવા મળ્યાં હતા. શહેરમાં મોટાભાગના શ્રધ્ધાળુઓએ માટીના ઈકો ફ્રેન્ડલી ગણેશજીની સ્થાપના કરી હતી તથા તંત્ર દ્વારા નિયત કરાયેલ જગ્યાએ જ વિસર્જન કરવાનો આગ્રહ રાખીને ધાર્મિક શિસ્તના દર્શન કરાવ્યા હતા. વિસર્જન યાત્રાઓમાં નાના બાળકોથી માંડીને વડીલો-મહિલાઓ પણ જોડાયાં હતા અને બાપ્પાને વિદાય આપી હતી. દિવસભર શહેરમાં ગણપતિ વિસર્જન માટે દોડતા વાહનોની માર્ગો પર અવરજવર રહી હતી.

## ખૂણેખાંચરેથી

- તા. ૧૬, ૧
- ૧૭મીએ વેક્સિનેશન મહા અભિયાનમાં શ્રેષ્ઠ કામગીરી કરનારી ‘‘હેલ્થ ટીમ’’ને સન્માનિત કરવામાં આવશે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી.
- વોર્ડ નં. ૩ અને ૪ ના ઝોનલ અને નાયબ ઝોનલ અધિકારીઓને આજે તાલીમ અને બેઠકનું આયોજન કરવામાં આવ્યુ છે.
- રાજયમાં નવા રચાયેલા મંત્રીમંડળના સભ્યોને બંગલાઓની ફાળવણી કરી દેવામાં આવી છે.
- કોલવડામાં આજે એક વીજવાયર તુટી પડવાની ઘટના સામે આવી છે. જો કે આનાથી કોઈ દુર્ઘટના નથી થઈ.
- આજે રવિવારની રજા હોવા છતાં જિલ્લામાં ૬ હજારથી વધુ લોકોને વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવાયા હતા. ગ્રામ્યમાં પાંચ હજારથી વધુ અને શહેરમાં ૧ હજારથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.
- ગાંધીનગર મનપાની ચૂંટણીને લઈ ઉમેદવારો દ્વારા આજથી જાહેર પ્રચારને આક્રમક બનાવવમાં આવ્યો છે.
- રાજયના મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ તેમની કચેરીમાં ભારતમાતાની તસ્વીર મુકી છે.
- જિલ્લા વહીવટીતંત્ર હવે આજથી ગીયર બદલી અને ઈલેકશન મોડમાં આવશે.
- વિધાનસભાનું તંત્ર નજીકમાં હોવાથી આજે રજાના દિવસે ઘણી બધી કચેરીઓ કાર્યરત જોવા મળી હતી.
- નવા મંત્રીઓની કચેરીમાં વર્ગ-૩ અને ૪ ના કર્મયોગી તરીકે સ્થાન મેળવવાની દોડાદોડી કરતા જુના કર્મયોગીઓ નજરે ચડ્યા હતા.
- ગાંધીનગર જિલ્લા ભાજપના બક્ષીપંચ મોરચા દ્વારા જયેશ ચૌધરીની આગેવાનીમાં માણસાના આમજા ખાતે બ્લડ ડોનેશન, વિવિધ યોજનાના લાભાર્થીઓને લાભોનું વિતરણ, રાશનકીટ વિતરણ સહિતના વિવિધ કાર્યક્રમો યોજાયા હતા જેમાં સાસંદ શારદાબેન પટેલ, જિલ્લા પ્રમુખ અનિલ પટેલ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ડેડી, આકાશવાણીના સમાચારમાં તો રોજ કોરોનાનાં આંકડા જ આવશે.. સમાચાર સાંભળવા હોય તો આ લો...!!

# રાંદેસણ વિસ્તારમાંથી ઈનોવા ગાડીનો કાચ તોડી ૭.૫૦ લાખ ભરેલી બેગ લઈ શખ્સો ફરાર

ગાંધીનગર, તા.૧૯

રાંદેસણ વિસ્તારમાં સાનિધ્ય રેસીડેન્સી સાઈટ પાસે પાર્ક કરેલી ઈનોવા કારનો કાચ તોડી રૂ.૭.૫૦ લાખ ભરેલી બેગ લઈ બાઈક પર આવેલા ત્રણ શખ્સો ફરાર થઈ ગયા હતા. આ બેગમાં લીકર પરમિટ, એરફોર્સનું સીએસડી કાર્ડ, બેંકનું ડેબીટ કાર્ડ સહિતના અગત્યના જરુરી દસ્તાવેજ પણ લઈ ગયા હતા. ઘટના ભરબપોરે બનતા ચારેબાજુ ચકચાર મચી જવા પામી છે. ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મોડાસા માલપુર માર્ગ પર આવેલી પાંડુરંગ સોસાયટી મકાન નં.૧૨૭ ખાતે રહેતા પરિમલભાઈ મોતીભાઈ પટેલ એરફોર્સમાંથી સાર્જન્ટ રેન્કથી વય નિવૃત થયા છે.તેઓની મોડાસા તેમજ ગાંધીનગરમાં રાંદેસણ વિસ્તારમાં સાનિધ્ય રેસીડેન્સી નામે બાંધકામ સાઈટ ચાલી રહી છે. ગત તા.૧૭ સપ્ટેમ્બરનારોજ મોડાસા સાઈટ પરથી પાંચ લાખ રોકડા લઈ તેઓ ડ્રાઈવર સાથે ઈનોવા કાર લઈને ગાંધીનગર આવવા માટે નીકળ્યા હતા. ત્યારે બેગમાં પાંચ લાખ રોકડા તેમજ એક જોડી કપડા, એરપોર્ટની દારૂની પરમીટ, સીએસડી ગ્રોસરી અને લીકર કાર્ડ,સહિતના દસ્તાવેજ મુકયા હતા. ત્યારબાદ ધનસુરા ખાતે આવેલા તેમના અંકુર પેટ્રોલપંપ ખાતે ગયા હતા. ત્યાંથી રૂ. ૨.૫૦ લાખ રોકડા પેટ્રોલ પંપની સીલકના રૂપીયા બેગમાં મુકયા હતા. ડ્રાઈવર મહેશ દેસાઈ સાથે તેઓ બપોરે બાંધકામ સાઈટ પર આવી ગયા હતા. ઓફિસનું કામ કાજ પૂર્ણ કરીને તેઓ દિકરાના કુડાસણ ખાતે આવેલ ફલેટ સિધ્ધીદાતા આસ્થા ખાતે રોકાયા હતા. તે સમેય તેમનો ડ્રાઈવર પર તેમની સાથે જ હતો.શનિવારના રોજ સવારે પરિમલભાઈ કુડાસણ કબીર શિલ્પ ખાતે મિત્રોને મળવા માટે ગયા હતા અને સાનિધ્ય સાઈટના બ્રોસર આપી પરત પોતાની સાઈટ પર ગયા હતા.ત્યારે સાંજના સમયે ઈનોવા કાર સાનિધ્ય સાઈટની ઓફિસ પાસે પાર્ક કરી હતી. મોડાસા પરત જવાનું હોવાથી પરિમલભાઈ ઓફિસમાં ગયા અને ડ્રાઈવર પાણીની બોટલ ભરવા માટે ગયો હતો. તે સમયે અચાનક કારનું સિક્યુરીટી હોર્ન વાગતા સિક્યુરીટી ગાર્ડે બુમ પાડી હતી. જેને પગલે ડ્રાઈવર મહેશ દોડીને કાર પાસે ગયો હતો. કારની પાછળનો કાચ તુટેલો હતો તેમજ રૂ.૭.૫૦ લાખ ભરેલી બેગ ગાયબ હતી. બાંધકામ સાઈટ પર દુર ઉભેલા ગાર્ડે જણાવ્યું હતું કે ત્રણ જેટલા શખ્સો કારની પાછળના ભાગે ઉભા હતા. કારનો હોર્ન વાગતા તેઓ ભાગી ગયા હતા. બનાવ અંગે પોલીસને જાણ કરતા ઈન્ફોસીટી પોલીસ જવાનો તાત્કાલીક દોડી આવ્યા હતા. પોલીસે નજીકના વિસ્તારમાં બાઈક ચાલક શખ્સોની શોધખોળ કરી હતી. પરંતુ બાઈક ચાલકો ન મળી આવતા આખરે ઈન્ફોસીટી પોલીસ મથકે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# સામ્રાજય ફાર્મ હાઉસ પ્રકરણમાં આઠ શખ્સો સામે પ્રોહીબિશનનો ગુનો નોંધાયો

ગાંધીનગર, તા.૧૯

સરગાસણ હડમતિયા સામ્રાજય ફાર્મ હાઉસ ખાતે રાત્રીના સમયે ખુની ખેલ ખેલાયો હતો. દારૂની મહેફીલ બાદ ડખો સર્જાતા કોંગ્રેસના અને ફાર્મના માલિક પ્રવિણ માણીયાની ગોળી મારી હત્યા કરી દેવાઈ હતી. ત્યારે સેકટર-૭ પોલીસે તમામ આઠ મિત્રો સામે પ્રોહિબિશનનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ હડમતીયા સામ્રાજય ફાર્મમાં અવાર-નવાર પાર્ટીનું આયોજન થતા હોવાથી ગાડીઓનો ધમધમાટ આ વિસ્તારમાં જોવા મળતો હતો. ત્યારે ગત શુક્રવારના રોજ રાત્રે પણ પ્રવિણભાઈ માણીયા મિત્રો સાથે દારૂની મહેફીલ યોજી હતી. જેમાં કંથારીયા ચુડા સુરેન્દ્રનગરના જયદિપસિંહ સનુભાઈ ગોહિલ, તરૂણસિંહ અશોકસિંહ ઝાલા, જયરાજસિંહ દિગ્વિજયસિંહ રાણા, ભાવનગરના જેસરના હરપાલસિંહ જશવંતસિંહ સરવૈયા, જનક અનકભાઈ વીછીંયા, અમદાવાદના સંતોષ સોડાભાઈ ચોસલા (ભરવાડ) તેમજ મોહિત અમરતભાઈ રબારી પણ મહેફીલ માટે આવ્યા હતા. દારૂની મહેફીલ દરમિયાન પ્રવિણભાઈ અને જયદિપસિંહ ગોહિલ અને તરૂણસિંહ ઝાલા સાથે સામાન્ય બોલાચાલી થઈ હતી. જેમાં જયદિપસિંહે પ્રવિણભાઈને ગોળી ધરબી દીધી હતી. જેને પગલે પ્રવિણભાઈનું મૃત્યું નિપજયુ હતું. બનાવની જાણ થતા પોલીસનો કાફલો દોડી આવ્યો હતો. પોલીસે જયદિપસિંહ અને તરૂણસિંહ સામે હત્યાનો ગુનો નોંધી તેમને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે એફએસએલ અને ડોગ સ્કવોડ પર બોલાવી તપાસ હાથ ધરી હતી. જયારે ફાર્મ હાઉસની અંદર સોફા નજીક ટીપોઈ પર વિદેશી દારુના અડધા ભરેલા ગ્લાસ તેમજ બાઈટીંગ અને દારૂની અડધી બોટલ મળી આવી હતી. પોલીસે જરુરી પુરાવા એકઠા કર્યા બાદ સેકટર-૭ પોલીસે હત્યાનો ગુનો નોંધ્યા બાદ સામ્રાજય ફાર્મના પ્રવિણભાઈ માણીયા સહિત આઠ મિત્રો વિરુધ્ધ પ્રોહિબિશનનો પણ અલગથી ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.





## કુડાસણ ખાતે યોજાયેલ રકતદાન કેમ્પમાં ૧૬૬ બોટલ રકત એકત્ર થયું

ગાંધીનગરના કુડાસણ ખાતે તા. ૧૯મી સપ્ટેમ્બર રવિવારે સ્વ. મનિષભાઈ વિક્રમભાઈ પટેલ અને સ્વ. પીહુ ઋષભ પટેલના સ્મરણાર્થે રકતદાન કેમ્પ તથા અંગદાન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૧૬૬ જેટલી બોટલ રકતદાન એકત્ર થવા પામ્યુ હતું. આ સાથે સીમ્સ હોસ્પિટલના તબીબો દ્વારા અંગદાન તેમજ ટીશ્યુ ટ્રાન્સ્પ્લાન્ટેશન બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ રકતદાન કેમ્પમાં રકત એકત્ર કરવાની સેવા અમદાવાદની બ્લડ બેંક દ્વારા પુરી પાડવામાં આવી હતી. કેમ્પના આયોજક વિક્રમભાઈ પટેલે જણાવ્યું હતું કે તેમના સ્વર્ગસ્થ પુત્રની સારવાર દરમિયાન રકતની જરૂરિયાત અંગે પડેલી તકલીફોના પગલે તેમણે તેની યાદમાં પૂણ્યતિથિ નિમિત્તે આ રકતદાન કેમ્પનું આયોજન કર્યું હતું.



ગાંધીનગરના યુવા ક્ષત્રિય આગેવાન ધર્મેન્દ્રસિંહ કુંપાવતના નિવાસસ્થાને સ્વામિનારાયણ સંપ્રદાયના પ.પૂ. સંતશ્રી મહારાજની પધરામણી થઈ હતી. તેઓએ કુંપાવત પરિવારને આર્શિવચન પાઠવી શુભાશિષ આપ્યા હતા.

## રોટરી કલબ ઓફ કેપિટીલ દ્વારા ચિલોડા ખાતે કેન્સર નિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૧૯

રોટરી કલબ ઓફ કેપિટલ દ્વારા સંજીવની બિયોન્ડ કેન્સર અને ગુરૂકૃપા હોસ્પિટલની સાથે રહીને મેમોગ્રાફી ચેકીંગનું વિનામૂલ્યે આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રજીસ્ટ્રેશન જરૂરી છે. આ કેમ્પમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલની તજજ્ઞ ટીમ ઉપસ્થિત રહેશે અને ૪૦ વર્ષથી ઉંમરની બહેનો માટે અતિ જરૂરી આ ટેસ્ટ વિનામૂલ્યે કરવામાં આવશે. આ કેમ્પ ચિલોડા સ્થિત ગુરૂકૃપા હોસ્પિટલ, સેતુ સ્કવેર, ચિલોડા ચાર રસ્તા મોટા ચિલોડા ખાતે તારીખ ૨૬ના રોજ સવારે ૯ થી ૧૨ દરમ્યાન યોજાશે. આ કેમ્પનો લાભ લેવા માટે પ્રોજેક્ટ ચેરમેન ઈલાબેન વોરા (મો. ૯૪૨૬૩૬૭૫૭૩) ઉપર સંપર્ક કરવાનો રહેશે તેમ સંસ્થાના પ્રમુખ અમીબેન શાહ અને સેક્રેટરી પાર્થ ઠક્કરે જણાવ્યું છે.

# સેકટર-૧ તળાવ પાસે કાર-સ્કુટી વચ્ચે અકસ્માત : એકનુ મૃત્યુ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરના સેકટર-૧ તળાવ પાસેના માર્ગ પર બપોરના સુમારે આગળ જઈ રહેલી ઈનોવા કારના ચાલકે અચાનક યુ ટર્ન માર્યો હતો. જેથી કારની પાછળ આવી રહેલી ત્રણ પૈંડાવાળી સ્કુટી ચાલક દિવ્યાંગ કાબુ ગુમાવી બેસતા સ્કુટી પલ્ટી મારી ગઈ હતી. આ બનાવમાં સ્કુટીના ચાલક દિવ્યાંગ માર્ગ પર પટકાતા ગંભીર ઈજાને પગલે ૧૦૮ દ્વારા સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા.જયાં ફરજ પરના તબિબે તેઓને ચકાસીને મરણ જાહેર કર્યા હતા. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના રાજમાર્ગો પર વાહન ચાલકો બેફામ ગતિએ પોતાના વાહનો હંકારે છે. ત્યારે આજે બપોરના સમયે સાબરમતિ રામનગર મણીભદ્ર સોસાયટી ખાતે રહેતા દિવ્યાંગ મિત્તલભાઈ રમેશચંદ્ર શાહ (ઉ.૪૫) તેમની સ્કુટી લઈને પસાર થઈ રહ્યા હતા. તે સમયે નજીક થી ઈનોવા કાર પસાર થઈ હતી. ત્યારબાદ કારના ચાલકે અચાનક યુ ટર્ન મારતા તે સમયે કારની પાછળ આવી રહેલા મિતલભાઈએ સ્કુટી પરનો કાબુ ગુમાવી દેતા સ્કુટી પલ્ટી મારી ગઈ હતી. અકસ્માતને લઈ સ્થાનિકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા.જયારે માર્ગ પર પટકાતા મિતલભાઈને ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે લઈ જવાયા હતા પરંતુ ડોકટરે તેઓને તપાસીને મરણ જાહેર કર્યા હતા. પોલીસે બનાવ અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## આજે સે. ૨૪માં હરસિદ્ધનગર ડબલડેકર ખાતે અંબાજી મંદિરે નવચંડી હવનનું આયોજન

ગાંધીનગર, તા. ૧૯

શહેરમાં તા. ૨૦મી સપ્ટેમ્બર સોમવારે ભાદરવી પૂનમનો તહેવાર ઉજવાશે. આ પવિત્ર દિવસે શહેરના સેક્ટર-૨૪ ખાતે હરસિદ્ધનગર સોસાયટી ડબલડેકર ખાતેના અંબાજી મંદિરે સવારે ૭ વાગ્યાથી નવચંડી હવનનું આયોજન કરવામાં આવ્યું છે.

નવચંડી હવનમાં સાંજે ૪ કલાકે શ્રીફળ હોમાશે, ત્યારબાદ મહાપ્રસાદ-ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. સમગ્ર આયોજન માટે જયઅંબે યુવક મંડળના યુવા સ્વયંસેવકોનો સહકાર આયોજકોને પ્રાપ્ત થઈ રહ્યો છે. આ ધાર્મિક કાર્યક્રમમાં ઉપસ્થિત રહી પ્રસાદ-ભોજન સહિતનો લાભ લેવા આ વિસ્તારની ધર્મપ્રેમી જનતાને જયઅંબે હરિસિદ્ધનગર વસાહત સેવા ટ્રસ્ટના પ્રમુખ અજયસિંહ પરમાર દ્વારા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ‘ભારતીય જનતા પાર્ટી‘ નામે સૌ કાર્યકર્તાઓને પ્રજાની વચ્ચે એક આગવી ઓળખ આપી છે : તેજસ્વી સૂર્યા

ગાંધીનગર, તા. ૧૯

ભારતીય જનતા યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ અને



બેંગલુરુ દક્ષિણના લોકપ્રિય સાંસદ તેજસ્વી સૂર્યાએ આજરોજ ઓડિટોરિયમ હોલ, સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે યુવા કાર્યકર્તા સંમેલનને સંબોધન કર્યું હતું. આ પ્રસંગે તેજસ્વીએ તેમના વક્તવ્યમાં જણાવ્યું હતું કે ૧૭ અને ૧૮ સપ્ટેમ્બરના મારા ગુજરાત પ્રવાસ દરમિયાન ગુજરાતમાં મારા થયેલા અદભુત સ્વાગત સન્માનથી હું અત્યંત ભાવવિભોર છું, આભાર ગુજરાત-આભાર ગાંધીનગર.

સૂર્યાજીએ જણાવ્યું હતું કે ‘ભારતીય જનતા પાર્ટી‘ નામે સૌ કાર્યકર્તાઓને પ્રજાની વચ્ચે એક આગવી ઓળખ આપી છે. ભાજપા પ્રત્યેક ધર્મ-સમાજ-વર્ગના લોકોને સાથે લઈને ચાલનારી પાર્ટી છે. ભાજપા એકમાત્ર રાજકીય પાર્ટી છે, કે જેમાં યુવાઓને પ્રોત્સાહન અને મહત્વ આપવામાં આવે છે. આજે દેશના લાખો યુવાનો ભાજપા સાથે પદ કે હોદ્દા માટે નહીં પણ રાષ્ટ્રવાદ અને વિકાસની વિચારધારા માટે જોડાઈ રહ્યા છે. ભાજપામાં જો કોઈ સૌથી મહત્વનો હોદ્દો છે તો તે ‘કાર્યકર્તા‘ છે. ‘કાર્યકર્તા‘ની કોઈ ટર્મ નથી, તે આજીવન રહે છે અને તે સૌથી મહત્વનું પદ છે. આજે યુવા મોરચાનો પ્રત્યેક કાર્યકર્તા સંપુર્ણ પ્રતિબદ્ધતા સાથે સક્ષમ, વિકસિત આ એ સુરક્ષિત ભારતના નિર્માણમાં સંકલ્પ અને સમર્પણ સાથે કાર્ય કરી રહ્યો છે. રાષ્ટ્રવિરોધી તાકાતોને જમીનમાંથી ઉખાડી ફેંકવા ભાજપાનો પ્રત્યેક કાર્યકર્તા કટિબદ્ધ છે. તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કાર્યરત વિવિધ જનકલ્યાણકારી યોજનાઓને જનજન સુધી પહોંચાડવા સૌને હાકલ કરી હતી.

## શંકરસિંહ વાઘેલા બાપુ કોલેજમાં અંગદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૯

શંકરસિંહ વાઘેલા બાપુ કોલેજ ઓફ નર્સિંગ ખાતે અંગદાન જાગૃતિ અને અંગદાન પ્રતિજ્ઞા કાર્યક્રમ યોજાયો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિત્તે અલગ રીતે ઉજવણી કરવાનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, ભરતસિંહ વાઘેલા તેમજ સંસ્થાના ડાયરેકટર રવિ કુમારે તમામ નર્સિંગ સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા.



## કોંગ્રેસ વોર્ડ નં. ૪ ના ઉમેદવારો દ્વારા પ્રચાર ઝુંબેશ તેજ

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીનો પ્રચાર-પ્રસાર વિવિધ પક્ષો દ્વારા તેજ કરી દેવામાં આવ્યો છે. મતદારો સુધી પહોંચવા ઉમેદવારો કમર કસી રહ્યા છે. ત્યારે વોર્ડ નં. ૪ ના કોંગ્રેસના ઉમેદવારો રોશનબેન યુસુફભાઈ પરમાર, હસમુખ જુગાજી મકવાણા, લલિતાબેન વાઘાજી ઠાકોર અને રાકેશકુમાર સોમાભાઈ વસેયા દ્વારા ઈન્ડ્રોડા ગામ અને સેક્ટર-૨૦ ખાતે ડોર ટુ ડોર પ્રચાર કરવામાં આવ્યો હતો. ઉમેદવારો કાર્યકરો સાથે ઢોલ-નગારા સાથે પ્રચાર કરતા અનોખુ વાતાવરણ સર્જાયુ હતુ.